## ॥ ૐ શ્રી સાઈરામ ॥
## ॥ ૐ શ્રી સાઈ જ્ઞાનસિદ્ધિદાય નમ: ॥ (૭૮)
## આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવનારા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાને ગીતામાં અવ્યભિચારી ભક્તિનું વર્ણન કર્યું છે. જયારે કોઇ ભક્તનું મન ઈશ્વરને છોડતા અન્ય કોઈ ભૌતિક વસ્તુ તરફ ખેચાતું નથી ત્યારે તે અવ્યભિચારી ભક્તિ કહેવાય છે. આવી રીતે સંપૂર્ણ શરણાગત ભક્તને ભગવાન આત્મજ્ઞાન પ્રાપ્ત કરી આપે છે.

સાઈના શિરડી અવતારમાં એવા થોડાક ભક્તો હતા જેમને સાઈનાથે આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવ્યું હતું. તેમાં મ્હાળસાપતિ, શામા ઉર્ફ માધવરાવ દેશપાંડે તેમજ સૌ. લક્ષ્મીબાઈ ખાપર્ડે હતા. મ્હાળસાપતિ એ સંન્યસ્ત વૃત્તિના ખંડેરાવ મંદિરના પૂજારી હતા. શિરડીમાં સર્વપ્રથમ તેમને દર્શન આપીને તેમના મુખમાંથી જ આઓ સાઈ ' (એટલે સાક્ષાત્ ઈશ્વર) એવા ઉદ્ગાર કઢાવ્યા અને તેમનો ઉદ્ધાર કર્યો.

ગોપીઓના વાળમાંથી પણ કૃષ્ણ-કૃષ્ણ એમ સંભળાતું. તેવી જ રીતે માધવરાવ દેશપાંડે પણ સાઈનાથ સાથે તાદાત્મ્યતા પામ્યા હતા. તેમના પ્રત્યેક શ્વાસોચ્છવાસ સાથે ‘સાઈનાથ મહારાજ' એવા શબ્દ બહાર પડતા ઘણા લોકોએ સાંભળ્યા હતા. આવા આ સિદ્ધ સાધકને આત્મજ્ઞાન પ્રાપ્તિ સાઈકૃપાથી થઈ હતી.

સૌ. લક્ષ્મીબાઈ ખાપર્ડે તો કેવળ એક ગૃહિણી હતા , પરંતુ સાઈનાથની નિરપેક્ષ ભાવથી કરેલી સેવા તેમજ અનેક ગરીબ અને કામ કરવાવાળા વિધાર્થીઓને આશ્રય આપીને કરેલું અન્નદાન એ પુણ્યકર્મને લીધે સાઈનાથે તેમને ' રાજારામ રાજારામ ' એવો ગુરૂ મંત્ર પણ આપ્યો હતો. એટલું જ નહીં, પણ પોતે મહાસમાધિ લીધા બાદ પણ દસ વર્ષ પછી લક્ષ્મી બાઈ ને તેમના મૃત્યુ પૂર્વે દર્શન આપ્યા હતા.

સાંપ્રત (વર્તમાન ) ના સત્યસાઈ અવતારમાં પણ સ્વામીએ અનેક લોકોને આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવી આપ્યું હશે જ. જેવી રીતે તેમના દાદાજી શ્રી. કોંડમરાજુ, સૌ. સુબમ્મા, વર્ગશિક્ષક શ્રી. મહેબૂબ ખાન વગેરે. તેમાં પણ શ્રીમતી ઇંદ્રાદેવીની વાત વિશેષ રીતે ધ્યાનમાં આવે છે. જન્મથી રશિયન, અમેરિકા કર્મભૂમિ અને નામથી ભારતીય હોવાવાળી આ મહિલા ઉત્તમ યોગ શિક્ષિકા હતી. જ્યારે ઈંદ્રાદેવી સ્વામીના સંપર્કમાં આવ્યા, ત્યારે તેમના યોગિકજ્ઞાન સાથે જ આધ્યાત્મિક જ્ઞાનની સપાટી પણ બાબાએ વધારી, એટલું જ નહીં પરંતુ તેમને ફક્ત સ્ફિટિકની માળા જ ન આપી પરંતુ મંત્રજપ પણ કહ્યો. પોતાના કૃપાપ્રસાદ તરીકે ફક્ત વિભૂતિ ન આપતા વિભૂતિનું અક્ષયપાત્ર સર્જન

કરી કરીને આપ્યું અને આ બધા પર સુવર્ણકળશ એટલે આપદ પ્રસંગમાં (આપત્તિ સમયે) કોઈ વ્યક્તિને નવસંજીવની પ્રાપ્ત કરી આપવાની શક્તિ પણ પ્રદાન કરી. આ ઉદાહરણ એકમાત્ર જ હશે. એવી આ મહિલાએ આત્મજ્ઞાન પ્રાપ્ત ન કર્યું હોય તો જ આશ્ચર્ય.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||